# Day to Day Current Affairs

## 28.JAN 2016

### ૧. ‘રાગમ’ ચેનલ :

- ઓલ ઈન્ડિયા રેડીયો ચેનલ રાગમ શરૂ કરી છે.
- હવે, નેટ તથા મોબાઈલ એપના માધ્યમથી 24 કલાક શાસ્ત્રીય સંગીત સાંભળી શકાશે.

### ૨. અર્પણા કુમાર - IPS

- યુપી કેડરના આઈપીએસ અર્પણા કુમારે 23 હજાર ફૂટ ઉંચા માઉન્ટ વિન્સન મેસિફ ઉપર ત્રિરંગો લહેરાવ્યો હતો.
- તેઓ આમ કરનાર ભારતીય સેવાની પ્રથમ મહિલા અધિકારી છે.

### 3. આજના દિવસે સુપ્રીમ કોર્ટ અસ્તિત્વમાં આવી :

- ભારત એક સાર્વભૌમ લોકતાંત્રીક ગણરાજ્ય બન્યા બાદ 28 જાન્યુઆરી, 1950 ના રોજ દેશની સુપ્રીમ કોર્ટ અસ્તિત્વમાં આવી હતી.
- અગાઉ 1937 થી 1950 સુધી ચેમ્બર ઓફ પ્રિન્સેસ ભારતની સંઘીય અદાલતનું ભવન હતુ.
- સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયધીશ : હરિલાલ જે. કાણિયા.

### ૪. ઈન્ટરનેશનલ કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ – 2015

- ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા ભ્રષ્ટાચાર બાબતે વિશ્વના 168 દેશોનો સર્વે કરાયો હતો.
- ભ્રષ્ટાચારની બાબતમાં ભારતને 100 માંથી 38 પોઈન્ટ મળ્યા હતા, જેમા સારા પોઈન્ટ એ ઓછો ભ્રષ્ટાચાર દર્શાવે છે.
- 168 દેશની આ યાદીમાં ભારતને 76મુ સ્થાન મળ્યુ છે, એ પછી ફીનલેન્ડ અને સ્વિડન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

### ૫. હિના સિંધુ – શૂટર :

- એશિયા ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં ભારતની શૂટર હિના સિંધુએ 10 મીટર એર પિસ્તોલ શૂટીંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડળ જીત્યો.
- હિના સિંધુ આ સાથે ઓલિમ્પિકસમાં ક્વોલિફાય થનાર ભારતની નવમી શૂટર છે.

### પ્રશ્નો

૧. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા કઈ ચેનલની શરૂઆત કરાઈ ? – રાગમ

૨. 23 હજાર ફુટ ઉંચા માઉન્ટ વિન્સન મેસિફ ઉપર ત્રિરંગો લહેરાવનાર પ્રથમ મહિલા IPS ? – અર્પણા કુમાર

3.ઈન્ટરનેશનલ કર્પ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ – 2015 માં 168 દેશની યાદીમાં ભારતનો ક્રમ ? – 76

૪. ભ્રષ્ટાચાર બાબતે 168 દેશની યાદીમાં સૌથી પ્રામાણિક દેશ ? – ડેનમાર્ક

૫. હિના સિંધુ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – શૂટીંગ

૬. સુપ્રિમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયધીશ કોણ હતા ? – હરિલાલ જે. કાણિયા

Vivekanand Academy, Gandhinagar